Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**વંચાણે લીધુ** **–: પ રિ પ ત્ર :–**

૧. યુ.જી.સી.નાં પત્ર ક્રમાંક: D.O.No.F. 12-1/2015 (CPP-II) તા. ૧૫–૧૦–૨૦૧૫ થી પરિપત્રીત કરવામાં આવેલ "Guidelines on Determination of a Uniform span Period Within Which a student may be allowed to Qualify for Degree"

૨. એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૪–૨૦૧૬ ઠરાવ ક્રમાંક: ૩૧.

૩. સિન્ડિકેટ તા. ૭–૨–૨૦૧૭ ઠરાવ ક્રમાંક: ૧૨.

૪. સિન્ડિકેટ તા. ૨–૬–૨૦૧૭ ઠરાવ ક્રમાંક: ૩.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮નાં વર્ષથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને યુ.જી.સી.ની " Guidelines on Determination of a Uniform span Period within which a Student may be allowed to Qualify for Degree" લાગુ થનાર છે. જેનો પાઠ નીચે મુજબ છે.

A student who for whatever reasons is not able to complete the programme within the normal period or the minimum duration prescribed for the programme, may be allowed two years period beyond the normal period to clear the backlog to be qualified for the degree. The general formula, therefore should be as follows:

a) Time span = N + 2 years for the completion of programme.
where N stands for the normal of minimum duration prescribed for completion of the programme.

b) In exceptional circumstance a further extension of one more year may be granted. The exceptional circumstances be spelt out clearly by the relevant statutory body concerned of the university.

c) During the extenbed period the student shall be considered as a private candidate and also not be eligible for ranking.

Ordinarily, no student should be given time beyond the extenbed period of two years. However, in exceptional circumstances and on the basis of the merits of each case university may allow a student one more year for completion of the programme.

સિન્ડિકેટ તા. ૨–૬–૨૦૧૭નાં ઠરાવ ક્રમાંકઃ ૩ અનુસાર જેતે સેમેસ્ટર /આખે આખો અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે નિર્ધારીત થયેલ હમત્તમ સમય મર્યાદાની ગણતરી કરવામાં આચારમાં થયેલ સજાનો સમયગાળો બાકાત રાખવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે, સિન્ડિકેટ તા. ૭–૨–૨૦૧૭નાં ઠરાવ ક્રમાંકઃ ૧૨ થી ઠરાવ્યા મુજબ જે અભ્યાસક્રમોમાં MCI, CCH, INC, AICTE, NCTE, BCI વગેરે કાઉન્સિલ લાગુ પડતી હોય તેવા અભ્યાસક્રમોમાં U.G.C.ની ઉપરોક્ત ગાઈડલાઈનને બદલે જે તે કાઉન્સિલ દ્વારા નિર્ધારીત કર્યા મુજબનો span period લાગુ પડશે તથા જો જેતે કાઉન્સિલમાં span period within which a student may be allowed to qualify for degree બાબતે કોઈ મર્યાદા નિર્ધારીત કરવામાં આવી નહી હોય તો આવા અભ્યાસક્રમો કેટલા સમયમાં પૂર્ણ કરવા તે બાબતે હાલ કોઈ સમય મર્યાદા રહેશે નહી. પરંતુ જો કોઈ કાઉન્સિલ ભવિષ્યમાં આ બાબતે નિર્ણય લેશે તો તેની જોગવાઈ મુખ્ય અમલ કરવાનો રહેશે.

આ પરિપત્રની ઉપરોક્ત જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવો, પરિપત્ર નોટીસ બોર્ડ પર મુકવો, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮નાં વર્ષથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સદર જોગવાઈથી અવગત કરવા તથા જે અભ્યાસક્રમોમાં કાઉન્સિલ લાગુ પડતી હોય તેવા અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓને જેતે કાઉન્સિલની જોગવાઈ બાબતે માહિતગાર કરવા.

ક્રમાંકઃપરીક્ષા/એ/૭૩૧૯ /૨૦૧૭
સુરત. તા.૧૭ – ૬ – ૨૦૧૭

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, વિભાગોના વડાશ્રીઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ તથા અમલ સારૂ......

૨. નાયબ કુલસચિવશ્રી, પી.જી.વિભાગ તથા નાયબ કુલસચિવશ્રી એકેડેમિક વિભાગ તરફ જાણ સારૂ..